I.C.D.S

# જાહેરાત

## સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઇ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત, તાપી દ્વારા કાર્યરત તાપી જિલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઇન ભરતી માટેની જાહેરાત સને ૨૦૨૦-૨૦૨૧

આઇ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત, તાપી હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત. (અરજી માટે વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૭ | ૭ | ૮૫ | ૪૭ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઇએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઇશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પુર્ણ થયેલા હોવા જોઇએ .
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા ઉમેદવારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પુર્ણ હોવી જોઇએ અને 33 વર્ષથી વધુ ન હોવી જોઇએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
- અરજી માટે વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સુચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાની દિન-૨૧માં તા.૧૧/૦૮/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૦ (રાત્રે ૧૨.૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઇન અરજી ઉપરોકત દર્શાવેલ વેબસાઇટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઇન

Scanned with CamScanner

મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુકમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે, વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકાશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ય ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઇન મેરીટયાદી નિયત પધ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.

- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોકત વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.
- વધ માહિતિ માટે તાપી જિલ્લાના સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), કચેરીનો સંપર્ક કરવો.
- જિલ્લાનો હેલ્પ લાઇન નં. ૦૨૬૨૬ ૨૨૪૫૭૭ સમય માત્ર સાંજે ૪ થી ૬ વાગ્યા સુધીમાં કોલ કરી શકાશે.

એ. ટી. પટેલ
પ્રોગ્રામ ઓફિસર
જિલ્લા પંચાયત, તાપી

(કુ.નેહા સિંહ)
જિલ્લા વિકાસ અધિકારી,
જિલ્લા પંચાયત તાપી

Scanned with CamScanner